# <u>સ્ટાફનર્સ વર્ગ-૩ની ભરતી અંગેની જાહેરાત</u>

<u>કમિશનરશ્રી(આરોગ્ય)ની કચેરી(ત.વિ.), બ્લોકનં-૫, પહેલો માળ,</u>

<u>ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.</u>

<u>જાહેરાત ક્રમાંક: **COH/202425/1**</u>

કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ, અને તબીબી શિક્ષણ, ગાંધીનગરના તાબા હેઠળની રાજ્યની સરકારી હોસ્પિટલો અને સામુહિક આરોગ્ય કેન્દ્રો ખાતેની **<u>સ્ટાફનર્સ વર્ગ-૩ની ૧૯૦૩</u>** ખાલી જગ્યાઓ નીચે જણાવેલ વિગતે સ્પર્ધાત્મક પરીક્ષા લઇ ભરવાની થતી હોઇ, આ જગ્યાઓ માટેની શૈક્ષણિક લાયકાત અને અન્ય ધોરણો ધરાવતાં ઉમેદવારો પાસેથી નિયત નમુનામાં ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે. ઉમેદવારોએ તા.૦૫/૧૦/૨૦૨૪ (૧૪.૦૦ કલાક) થી તા.૦૩/૧૧/૨૦૨૪ (૨૩.૫૯ કલાક) સુધી વેબસાઇટ https://ojas.gujarat.gov.in અને www.gujhealth.gujarat.gov.in ઉપર મુકવામાં આવેલ વિગતવાર જાહેરાતની સુચનાઓ મુજબ https://ojas.gujarat.gov.in પર ઓનલાઇન અરજીઓ કરવાની રહેશે.

## <u>ભરવાપાત્ર જગ્યાના સંદર્ભે અનામતની ટકાવારી મુજબ જાતિવાર ભરવાની થતી જગ્યાઓ</u>

| વિગત | કુલ | અનુ. જાતી (S.C) | અનુ. જન. જાતી (S.T) | શા.સૈ.પ.વ. (SEBC) | આ.ન.વ. (E.W.S.) | દિવ્યાંગ (PH) | જનરલ (GEN) |
|---|---|---|---|---|---|---|---|
| હાલની વધ/ઘટ | | (+)૪૧ | (+)૯૬ | (+)૦૩ | (-)૦૨ | (-)૧૩૪ | (-)૧૩૮ |
| ભરવાની થતી જગ્યાઓ | ૧૯૦૩ | ૧૩૩ | ૨૮૫ | ૫૧૩ | ૧૯૦ | ૭૬ | ૭૮૨ |
| વધ / ઘટ +/- કરતાં ખરેખર ભરવાની થતી કુલ જગ્યા | **<u>૧૯૦૩</u>** | **<u>૯૨</u>** | **<u>૧૮૯</u>** | **<u>૫૧૦</u>** | **<u>૧૯૨</u>** | **<u>૨૧૦</u>** | **<u>૯૨૦</u>** |

સ્ટાફનર્સ વર્ગ-૩ની ભરવાપાત્ર જગ્યાઓની વિગત તથા શૈક્ષણિક લાયકાત, પગારધોરણ, વયમર્યાદામાં છુટછાટ અને સામાન્ય સુચનાઓ ઉપરોક્ત વેબસાઇટ પર ઉપલબ્ધ છે.

તારીખ:- /૧૦/૨૦૨૪ -Sd-

ગાંધીનગર

સભ્ય સચિવ

સ્ટાફનર્સ સ્પર્ધાત્મક પરીક્ષા સમિતી, ગાંધીનગર.

**કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (ત.સે.)ની કચેરી**

**બ્લોક નં. ૫, પહેલો માળ, ડો. જીવરાજ મહેતા ભવન, સેક્ટર-૧૦/બી ગાંધીનગર**

**૧૯૦૩ સ્ટાફનર્સ વર્ગ-૩ની સીધી ભરતી અંગેની જાહેરાત, વર્ષ-૨૦૨૪**

**જાહેરાત ક્રમાંક:-COH/202425/1**

---

કમિશનરશ્રીની કચેરી, આરોગ્ય, તબીબી સેવાઓ, અને તબીબી શિક્ષણ ગાંધીનગર હસ્તકની રાજ્યની સરકારી હોસ્પિટલો / સામુહીક આરોગ્ય કેન્દ્ર ખાતે સ્ટાફનર્સ વર્ગ-૩ ની કુલ-૧૯૦૩ જગ્યાઓ સ્પર્ધાત્મક પરીક્ષા લઇ સીધી ભરતીથી ભરવા માટે જાહેરાતમાં દર્શાવ્યા મુજબની લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી ભરતી અંગે નિયત નમુનામાં ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે અરજી તા.૦૫/૧૦/૨૦૨૪ (૧૪:૦૦ કલાક) થી તા.૦૩/૧૧/૨૦૨૪ (રાત્રીનાં ૨૩.૫૯ કલાક) દરમ્યાન https://ojas.gujarat.gov.in વેબસાઇટ ઉપર મુકવામાં આવેલ સુચના મુજબ ફક્ત ઓનલાઇન કરવાની રહેશે. ઉમેદવારોનો તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ (૧૫ K.B) અને સહીનો નમુનો (૧૫ K.B) સાઇઝથી વધે નહીં તે રીતે JPG ફોર્મેટમાં સ્કેન કરી ઓનલાઇન અરજીમાં અપલોડ કરવાનો રહેશે. તમામ ઉમેદવારે અરજી પત્રકોમાં પોતાના શૈક્ષણિક લાયકાત, વય, જાતિ અંગેના તેમજ અન્ય જરૂરી પ્રમાણપત્રો મુજબ જ વિગતો ભરવાની રહેશે. અરજીમાંની ખોટી વિગતોને કારણે અરજી "રદ" થવાપાત્ર બને છે.

સ્ટાફનર્સની ભરવાપાત્ર જગ્યાઓની વિગત તથા શૈક્ષણિક લાયકાત, પગારધોરણ, વયમર્યાદા, વયમર્યાદામાં છુટછાટ અને સામાન્ય સુચનાઓ ઉપરોકત વેબસાઇટ ઉપર ઉપલબ્ધ છે.

ભરવાપાત્ર જગ્યાના સંદર્ભે અનામતની ટકાવારી મુજબ હાલમાં ભરાયેલ જગ્યા અને રોસ્ટર રજીસ્ટરના આધારે નીકળતી વધ/ઘટ +/- કરતાં ખરેખર ભરવાની થતી કેટેગરીવાઇઝ જગ્યાઓ:

| ક્રમ | વિગત | કુલ | અનુ. જાતી (S.C) | અનુ. જન. જાતી (S.T) | શા.સૈ.પ.વ. (SEBC) | આ.ન.વ. (E.W.S.) | દિવ્યાંગ (PH) | જનરલ (GEN) |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | હાલની વધ/ઘટ | | (+)૪૧ | (+)૯૬ | (+)૦૩ | (-)૦૨ | (-)૧૩૪ | (-)૧૩૮ |
| ૨ | ભરવાની થતી જગ્યાઓ | ૧૯૦૩ | ૧૩૩ | ૨૮૫ | ૫૧૩ | ૧૯૦ | ૭૬ | ૭૮૨ |
| | વધ / ઘટ +/- કરતાં ખરેખર ભરવાની થતી કુલ જગ્યા | **૧૯૦૩** | **૯૨** | **૧૮૯** | **૫૧૦** | **૧૯૨** | **૨૧૦** | **૯૨૦** |

- ફકત ભારતના નાગરીક આ અરજી કરી શકશે.
- પસંદગી પામનાર ઉમેદવારો પૈકી પરણિત ઉમેદવારોના કિસ્સામાં સ્ત્રી અથવા પુરૂષે કાયદાકીય માન્ય લગ્ન કરેલ હોવા જોઇએ.
- અનામત જગ્યાઓ ફક્ત મુળ ગુજરાતના સા.શૈ.પ.વ., અનુસુચિત જાતિ, અનુસુચિત જન. જાતિ તેમજ આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારો માટે જ અનામત છે.
- મહિલાઓ માટેની જગ્યાઓ ૩૩ ટકા મુજબ અનામત છે. જેને જે તે કેટેગરી સામે સરભર કરાશે.

- માજી સૈનિક માટે કુલ ભરવાપાત્ર જગ્યાઓનાં ૧૦% મુજબ જગ્યાઓ અનામત છે. જેને જે તે કેટેગરી સામે સરભર કરાશે. દિવ્યાંગ ઉમેદવારો માટે ૪% જગ્યાઓ અનામત છે અને આ ઉમેદવારોને જે તે કેટેગરી સામે સમાવેશ કરવામાં આવશે.

**પગાર ધોરણ:-**

નાણાં વિભાગનાં તા.૧૬/૦૨/૨૦૦૬, તા.૨૪/૦૯/૨૦૧૦, તા.૦૬/૧૦/૨૦૧૧, તા.૨૦/૧૦/૨૦૧૪, તા.૨૦/૧૦/૨૦૧૫ અને તા.૧૮/૧૦/૨૦૨૩ના ઠરાવ અને સામાન્ય વહિવટ વિભાગનાં તા.૦૪/૦૬/૨૦૦૯, તા.૨૩/૧૦/૨૦૧૫ અને તા.૧૮/૦૧/૨૦૧૭નાં ઠરાવની જોગવાઇઓ અને નાણાવિભાગના તા.૨૮/૦૩/૨૦૧૬ના ઠરાવની જોગવાઇઓને આધીન જે બોલીઓ / શરતો / નિયમો નક્કી કરેલ છે તે તેમજ હવે પછી વખતો વખત સરકારશ્રી દ્વારા નક્કી કરવામાં આવે તે બોલીઓ / શરતો / નિયમો ઉમેદવારને બંધનકર્તા રહેશે. જે જોગવાઇઓને આધિન પ્રથમ પાંચ વર્ષ માટે સ્ટાફનર્સ વર્ગ-૩ને રૂ. ૪૦,૮૦૦/- ના માસિક ફિક્સ પગારના પગારથી લાયક ઉમેદવારને પ્રથમ પાંચ વર્ષ માટે કરાર આધારે નિમણુંક આપવામાં આવશે. તે સિવાય અન્ય કોઇ ભથ્થા કે લાભો મળવાપાત્ર રહેશે નહિં. ત્યાર બાદ પાંચ વર્ષની સેવાઓ પુરી થયેથી તેમની સેવાઓ નિમણુંક સત્તાધિકારીને સંતોષકારક જણાયે સાતમાં પગારપંચ મુજબ પે. મેટ્રીક્સ લેવલ-૫ પગાર ધોરણ રૂ.૨૯૨૦૦-૯૨૩૦૦/- અથવા સરકારશ્રી દ્વારા નિયત કરવામાં આવતાં જે તે પગારધોરણમાં નિમણુંક મેળવવાને પાત્ર ઠરશે.

**શૈક્ષણિક લાયકાત:-**

(૧) ઇન્ડીયન નર્સીગ કાઉન્સીલ / ગુજરાત નર્સીંગ કાઉન્સીલ દ્વારા માન્ય સંસ્થાઓ માંથી મેળવેલ બેઝીક બી.એસ.સી.(નર્સીંગ) (Regular) ડીગ્રી ધરાવતાં **અથવા**
ઇન્ડીયન નર્સીગ કાઉન્સીલ / ગુજરાત નર્સીંગ કાઉન્સીલ દ્વારા માન્ય સંસ્થાઓ માંથી મેળવેલ જનરલ નર્સીંગ એન્ડ મીડવીફરી (GNM) ડીપ્લોમાં ધરાવતાં અથવા

(૨) ઓકઝીલરી નર્સ એન્ડ મીડવાઇફ (ANM) અને ફીમેલ હેલ્થ વર્કર (F.H.W) જેઓ રાજય સરકાર અથવા પંચાયત સેવામાં છેલ્લા ૧૦ વર્ષથી નિયમિત નિમણુકથી ફરજો બજાવતા હોય અને જાહેરાતમાં દર્શાવ્યા મુજબની બી.એસ.સી. (નર્સીંગ) અથવા જી.એન.એમ.ની શૈક્ષણિક લાયકાત ધરાવતા હોય તેઓ પણ આ જગ્યા માટે અરજી કરી શકે છે અને તેઓને સરકારશ્રીના પ્રર્વતમાન નિયમોનુસાર વયમર્યાદામાં છુટછાટ મળવાપાત્ર રહેશે. પરંતુ કોઇપણ સંજોગોમાં ઉંમર ૪૫ વર્ષ કરતા વધવી જોઇએ નહી. જે તે કચેરીનું "ના વાંધા પ્રમાણપત્ર" રજુ કરવાનું રહેશે.

(૩) અરજી કરતી વખતે ગુજરાત નર્સીંગ કાઉન્સીલમાં રજીસ્ટર્ડ નર્સ અને રજીસ્ટર્ડ મીડવાઇફનુ કાયમી અને સમયાંતરે રીન્યુઅલ કરાવેલ રજીસ્ટ્રેશન હોવુ ફરજીયાત છે. અરજી પત્રકમાં રજીસ્ટર્ડ નર્સ તેમજ રજીસ્ટર્ડ મીડવાઇફ અથવા સમકક્ષ લાયકાતનો રજીસ્ટ્રેશન નંબર અવશ્ય દર્શાવવાનો રહેશે. અન્ય કોઇ પણ આધારો ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

(૩) ગુજરાતી / હિન્દી બંને ભાષાનું પુરતું જ્ઞાન ધરાવતા હોવા જોઇએ.

**કોમ્પ્યુટર અંગે જાણકારી:-**

ઉમેદવાર રાજ્ય સરકારનાં ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ અન્વયે ઠરાવેલ કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતા હોવા જોઇશે. સરકારશ્રીના સામાન્ય વહિવટ વિભાગના તા.૧૩/૦૮/૨૦૦૮ના ઠરાવ ક્રમાંક:સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ-૫ થી નક્કી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝિક નોલેજ ધરાવતા હોવા અંગેનું કોઇપણ સરકાર માન્ય તાલીમ સંસ્થાનું પ્રમાણપત્ર / માર્કશીટ ધરાવતા હોવા જોઇશે તથા સરકાર માન્ય યુનિવર્સીટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઇ પણ ડીપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પાસ કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઇશે. આ તબક્કે આ પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે. પરંતુ નિમણુંક મેળવતા પહેલા આ પ્રમાણપત્ર અચુક રજુ કરવાનું રહેશે. અન્યથા નિમણુંક મેળવવાને પાત્ર ઠરશે નહીં.

**અનુ.જાતિ, અનુ. જન જાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત અને આર્થિક રીતે નબળા વર્ગ:-**

- મૂળ ગુજરાતનાં અનુ. જાતિ, અનુ. જન જાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવારો તરીકે લાભ મળશે.
- અનુ.જાતિ, અનુ.જન જાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ પૈકી ઉમેદવાર જે વર્ગના હોય તેની વિગતો અરજીપત્રકમાં અચૂક આપવાની રહેશે.
- ઉમેદવારે અરજી પત્રકના કેટેગરીના કોલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહીં હોય તો પાછળથી અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મેળવવાનો હકક દાવો માન્ય રાખવામાં આવશે નહીં.
- અનામત વર્ગના ઉમેદવારોએ જાતિ અંગેનું પ્રમાણપત્ર ગુજરાત સરકાર દ્વારા વખતો વખત નિયત કરેલ નમૂનામાં મેળવેલ હોવું જોઇશે તથા સમિતિ દ્વારા જણાવવામાં આવે ત્યારે અચૂક રજુ કરવાનું રહેશે. જાતિ પ્રમાણપત્ર રજુ કરવામાં ઉમેદવાર નિષ્ફળ જશે તો ઉમેદવારી રદ ગણવામાં આવશે.
- SEBC કેટેગરી (શા.શૈ.પ.વર્ગ) ના ઉમેદવારોને નોન-ક્રીમીલેયર સર્ટીફીકેટની મહત્તમ અવધિ ઇશ્યૂ થયા - વર્ષ સહિત ત્રણ નાણાંકીય વર્ષની રહેશે. પરંતુ આવું પ્રમાણપત્ર સબંધિત જાહેરાત માટે ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઇશ્યૂ થયેલ હોવું જોઇએ. જો આ પ્રમાણપત્ર તા.૦૧/૦૪/૨૦૨૨ થી તા.૦૩/૧૧/૨૦૨૪ દરમ્યાન મેળવેલ હોય તેવું પ્રમાણપત્ર ધરાવતાં હશે તો જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ તેમજ કેટેગરીની અનામત જગ્યાનો લાભ મળશે.
- સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પરિણીત મહિલા ઉમેદવારે આવુ નોન ક્રિમીલેયર પ્રમાણપત્ર તેમના માતા - પિતાની આવકના સંદર્ભમાં રજુ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં આવુ પ્રમાણપત્ર રજુ કરેલ હશે તો તેની અરજી રદ કરવામાં આવશે.
- ઉમેદવારે ઓનલાઇન અરજી કરતી વખતે જે નોન ક્રિમીયેર સર્ટીફીકેટની વિગતો જણાવેલ હોય તે જ પ્રમાણપત્ર સમિતિ દ્વારા જણાવવામાં આવે ત્યારે રજુ કરવાનું રહેશે. જો આવા પ્રમાણપત્રમાં ભૂલ હોવાના કારણે ઉમેદવાર જાહેરાતની છેલ્લી તારીખ બાદનું નવું પ્રમાણપત્ર મેળવે તો પણ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવાર તરીકે પાત્ર થવા માટે ઓનલાઇન અરજીમાં જણાવેલ પ્રમાણપત્ર જ માન્ય રહેશે.

- E.W.S. કેટેગરી (આર્થિક રીતે નબળા વર્ગ) ના ઉમેદવારોએ રાજય સરકારના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભગાના તા.૨૫/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંકઃ ઇ.ડબલ્યુ.એસ./૧૨૨૦૧૯/ ૪૫૯૦૩/અ. થી નિતય થયેલ નમુના (અંગ્રેજીમાં એનેક્ષર-ખ અથવા ગુજરાતીમાં પરિશિષ્ટ-ગ)માં મેળવેલ આર્થિક રીતે નબળા વર્ગો માટેના પ્રમાણપત્રાનો નંબર અને તારીખ ઓનલાઇન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે.

  સામાજીક ન્યાય અને અધિકારીતા વિભગાના ઠરાવ ક્રમાંકઃ ઇ.ડબલ્યુ.એસ./ ૧૨૨૦૧૯/ ૪૫૯૦૩/અ. તા.૧૩/૦૯/૨૦૧૯ ની જોગવાઇ મુજબ આર્થિક રીતે નબળા વર્ગો (EWS) માટેના પાત્રતા પ્રમાણપત્રો ઇસ્યુ (issue) થયા તારીખથી ત્રણ વર્ષ સુધી માન્ય ગણવામાં આવશે. (એટલે કે તા.૦૨/૧૧/૨૦૨૧ થી અરજી કરવાની છેલ્લી તા.૦૩/૧૧/૨૦૨૪) આ પાત્રતા પ્રમાણપત્ર આ સમયગાળા દરમ્યાન ઇશ્યૂ થયેલ હશે તો જ માન્ય રાખવામાં આવશે.
- સરકારશ્રીની પ્રવર્તમાન જોગવાઇઓ મુજબ અનામત કક્ષાના ઉમદેવારો બિનઅનામત વર્ગના ઉમેદવારોની સાથે નિયત ધોરણો (એટલે કે વય મર્યાદા, બિન અનામત વર્ગના ઉમદેવારો માટે અપનાવેલ હોય તેના કરતાં વધુ વિસ્તુત કરેલ અન્ય ક્ષેત્ર) માં છૂટછાટ લીધા સિવાય પોતાની ગુણવત્તાના આધારે પસંદગી પામે તો બિન અનામત જગ્યાની સામે ગણતરીમાં લેવાના થાય છે..
- ઉમેદવારે ઓનલાઇન અરજીપત્રકમાં વિગતો ભરતા સમયે જાતિ (કેટેગરી) અંગે જે વિગત દર્શાવેલ હશે તે અરજીપત્રક કન્ફર્મ થયેથી જાતિ (કેટેગરી) માં પાછળથી ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહી.

<u>વય મર્યાદા:-</u>

- અરજી કરવાની છેલ્લી તારીખ-૦૩/૧૧/૨૦૨૪ના રોજ ઉમેદવારની વય ૨૦ વર્ષથી ઓછી નહિ અને ૪૦ વર્ષથી વધુ હોવી જોઇએ નહી.
- તમામ અનામત કેટેગરીના ઉમેદવારોની ઉપલી વયમર્યાદા છુટછાટ સાથે કોઇ પણ સંજોગોમાં નિયત તારીખે ૪૫ વર્ષથી વધવી જોઇએ નહી.

<u>વય મર્યાદામાં છુટછાટ:-</u>

- મુળ ગુજરાતના હોય તેવા અનુ.જાતિ, અનુ.જન.જાતિ, સામાજીક શૈક્ષણિક રીતે પછાત, આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોનાં કિસ્સામાં ઉપલી વયમર્યાદામાં નિયમોનુસાર પાંચ (૫) વર્ષની છુટછાટ આપવામાં આવશે.
- ૪૦ ટકા કે તેથી વધુ અપંગતા ધરાવતા ઉમેદવારોને ઉપલી વયમર્યાદા ૧૦ વર્ષની છુટછાટ આપવામાં આવશે.
- માજી સૈનિક ઉમેદવારો કે જેઓએ જળ, વાયુ અને ભુમિ આર્મ ફૉર્સીસમાં ઓછામાં ઓછા છ (૬) માસની સેવા કરી હોય અને માજી સૈનિક તરીકેનું સક્ષમ અધિકારીનું ઓળખકાર્ડ / પ્રમાણપત્ર ધરાવતાં હોય તો મળવાપાત્ર ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત ત્રણ (૩) વર્ષ સુધીની છુટછાટ મળશે.
- સામાન્ય વહિવટ વિભાગનાં તા.૨૨/૦૫/૧૯૯૭ના ઠરાવની જોગવાઇ મુજબ મહિલા ઉમેદવારોને ઉપલી વયમર્યાદા ૦૫ વર્ષની છુટછાટ આપવામાં આવશે. અનામત કેટેગરીના મહિલા અરજદારોને

અનામત તરીકે મળતી ઉપલી વયમર્યાદાની છુટછાટ ઉપરાંત મહિલા તરીકેની ૦૫ વર્ષની છુટછાટ આપવામાં આવશે.

**પસંદગી પ્રક્રીયા:-**

- પરીક્ષા O.M.R. (Optical Mark Reader) પધ્ધતિથી લેવામાં આવશે. જેમાં નર્સીંગ વિષયના ૧૦૦ પ્રશ્નો તેમજ ગુજરાતી વિષયના ૧૦૦ પ્રશ્નો MCQ (Multiple choice question) દ્વારા પુછવામાં આવશે.
- પેપર-૧ નર્સીંગ વિષયનું રહેશે. જેમાં ફન્ડામેન્ટલ ઓફ નર્સીંગ-૨૦ ગુણ, મેડીકલ સર્જીકલ નર્સીંગ-૨૦ ગુણ, મીડવાઇફરી અને પીડીયાટ્રીક નર્સીંગ-૨૦ ગુણ, મેન્ટલ હેલ્થ અને સાયક્યાટ્રીક નર્સીંગ-૨૦ ગુણ, કોમ્યુનીટી હેલ્થ નર્સીંગ-૨૦ ગુણ આમ કુલ ૧૦૦ પ્રશ્નો પુછવામાં આવશે અને દરેક પ્રશ્નનો ૧ ગુણ રહેશે. આમ, કુલ-૧૦૦ ગુણનું પ્રશ્નપત્ર રહેશે. આ વિષયો માટેનો અભ્યાસક્રમ ઇન્ડીયન નર્સીંગ કાઉન્સીલ ધ્વારા નિર્ધારીત કરેલ સીલેબસ મુજબનો રહેશે.
- પેપર-૨ ગુજરાતી ભાષાના પેપર માટે પુછવામાં આવનાર અભ્યાસક્રમ ધોરણ-૧૨ હાયર સેકન્ડરી કક્ષાથી નીચેનું રહેશે નહીં. જેમાં ભાષા (Language)-30 ગુણ, વ્યાકરણ (Grammar)-૪૦ ગુણ અને સાહીત્ય (Literature)-30 ગુણ આમ કુલ-૧૦૦ પ્રશ્નો પુછવામાં આવશે અને દરેક પ્રશ્ન નો ૧ ગુણ રહેશે. આમ, કુલ-૧૦૦ ગુણનું પ્રશ્નપત્ર રહેશે.
- **દરેક ખોટા પ્રશ્નના જવાબ માટે ૦.૨૫ ગુણ બાદ કરવામાં આવશે.**
- સ્પર્ધાત્મક પરીક્ષા માટે નર્સીંગ વિષયને લગતી પરીક્ષા પેપર-(૧) ૧૦૦ ગુણની રહેશે. જેમાં ઉત્તીર્ણ થવા માટે **૪૦ ટકા ગુણ** જરૂરી છે. પરીક્ષા માટેનો સમય ૨(બે) કલાકનો રહેશે. પરીક્ષા ગુજરાતી અથવા અંગ્રેજી ભાષામાં આપી શકાશે.
- ગુજરાતી ભાષાની પરીક્ષા પેપર-(૨) ૧૦૦ ગુણની રહેશે. જેમાં ઉત્તીર્ણ થવા માટે **૩૫ ટકા ગુણ** જરૂરી છે. પરીક્ષા ફકત ગુજરાતી ભાષામાં આપી શકાશે.
- બન્ને પરીક્ષામાં પાસ થવુ જરૂરી છે, પરંતુ નર્સીંગના વિષયમાં તેમજ ગુજરાતી ભાષાના બંન્ને પેપરમાં મેળવેલ કુલ ગુણના આધારે મેરીટ લીસ્ટ બનાવવામાં આવશે.

**પરીક્ષા ફી.**

(૧) "General" કેટેગરી Select કરનાર ઉમેદવારો માટે અરજી ફી. રૂ. 300/- + પોસ્ટ ઓફીસ ચાર્જ (ઓનલાઇન ફી ભરવાના કિસ્સામાં રૂ. 300 + ચાર્જ) ભરવાનો રહેશે તેમજ ઓનલાઇન પેમેન્ટ કરવા માટેનો પણ વિકલ્પ ઉપલબ્ધ હોઇ ઓનલાઇન પેમેન્ટ પણ કરી શકાશે. અનુસુચિત જાતિ, અનુસુચિત જન.જાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે નબળા વર્ગ, દિવ્યાંગ અને માજી સૈનિક ઉમેદવારો માટે સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર ફી/ચાર્જ ભરવાનો રહેશે નહી.

(૨) "General" કેટેગરી Select કરનાર અને પોસ્ટ ઓફિસ મારફતે અરજી ફી ભરવા માંગતાં ઉમેદવારોએ ઓનલાઇન અરજી કર્યા બાદ OJAS વેબસાઇટ ઉપરથી અરજી પત્રકની સાથે આપેલ પોસ્ટ ઓફીસના 3(ત્રણ) ચલણની A-4 સાઇઝની પ્રિન્ટ લઇને તે કોઇ પણ કોમ્પ્યુટરાઇઝડ પોસ્ટ ઓફીસમાં રજુ કરવાથી તેઓ દ્વારા ફી સ્વીકારવામાં આવશે. જ્યારે ઓનલાઇન ફી નું ચુંકવણું કરવા માંગતા ઉમેદવારોએ પેમેન્ટ માટે ઉપલબ્ધ વિકલ્પો પૈકી કોઇ એક વિકલ્પ પસંદ કરી ફી ચુંકવવાની રહેશે.

(3) "General" કેટેગરી Select કરનાર ઉમેદવારોએ આ ત્રણ ચલણ પૈકી એક ચલણ પોસ્ટ ઓફીસ રાખશે અને બીજા બે સહી/ સિક્કા કરી ઉમેદવારને પરત કરશે. જે ઉમેદવારે સાચવી રાખી પરીક્ષા સ્થળે

અચૂક રજુ કરવાની રહેશે. જો આ ચલણ રજુ નહી કરે તો તે ઉમેદવારને પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહીં. જ્યારે ઓનલાઇન ફી ચુંકવણું કરનાર ઉમેદવારોએ ફી ચુંકવણું કર્યા અંગેની પહોંચ સાચવી રાખવાની રહેશે.

(૪) પોસ્ટ ઓફીસમાં તેમજ ઓનલાઇન ફી ભરવાની છેલ્લી તા.૦૪/૧૧/૨૦૨૪ના પોસ્ટ ઓફીસના કામકાજ સમય સુધી રહેશે.

(૫) ફી ભર્યા બાદ રીફંડ મળવાપાત્ર નથી તેમજ “General” કેટેગરી Select કરનાર ઉમેદવારોની ફી ભર્યા વગરની અરજી માન્ય રહેશે નહીં.

(૬) પોસ્ટ ઓફિસમાં પરીક્ષા ફી ભરવાથી ઉમેદવારને SMS થી ફી ભર્યાની જાણ કરવામાં આવશે. જો ઉમેદવારને પોસ્ટ ઓફિસ મારફતે ભરેલ ફી અંગે SMS ન મળે તો તાત્કાલિક ઉમેદવારે પોસ્ટ ઓફીસનો સંપર્ક કરવાનો રહેશે.

**સામાન્ય સુચનાઓ :**

(૧) સદર ભરતી સંબંધિત તમામ સુચનાઓ / વિગતો વખતો વખત www.gujhealth.gujarat.gov.in અથવા http://ojas.gujarat.gov.in વેબસાઇટ પરથી જોઇ શકાશે.

(૨) શકય ત્યાં સુધી પરીક્ષા સબંધિત બધી જ સુચનાઓ મોબાઇલ નંબર ઉપર SMS થી આપવામાં આવશે. આથી અરજી પત્રકમાં મોબાઇલ નંબર અવશ્ય દર્શાવવો અને ભરતી પ્રક્રિયા પુર્ણ થાય ત્યાં સુધી આપેલ મોબાઇલ નંબર જાળવી રાખવો જરૂરી છે.

(૩) ઉમેદવારે નિયત અરજી પત્રકમાં ભરેલી વિગતો સમગ્ર ભરતી પક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ (અસલ અને પ્રમાણિત નકલ) આ ખાતા ધ્વારા જયારે મંગાવવામાં આવે ત્યારે જે તે સ્થળે અને સમયે સ્વ ખર્ચે રૂબરૂ રજુ કરવાના રહેશે. અન્યથા અરજી પત્રક રદ જાહેર કરવામાં આવશે.

(૪) એક ઉમેદવાર એક જ અરજી કરી શકશે. તેમ છતાં એકથી વધુ અરજી (Multiple Application) ના કિસ્સામાં ફી સહિત સર્વ રીતે ભરેલી અરજીઓ પૈકી સૌથી છેલ્લી કન્ફર્મ થયેલ એક જ અરજી માન્ય ગણાશે. તે સિવાયની બધી અરજીઓ રદ થશે અને ભરેલ ફી ના નાણા પરત મળશે નહી.

(૫) શારીરિક અશક્તતા (ફકત ૪૦ ટકા કે તેથી વધુ અને ૭૦ ટકા સુધી) ધરાવતા ઉમેદવારે Online અરજી ફોર્મમાં અંગત માહિતી કે વિગતોમાં પોતાની અશક્તતાની ટકાવારી દર્શાવવાની રહેશે. સરકારશ્રીના વખતો વખતના સુધારા પરીપત્રથી નિયત થયેલ નમુનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ / સિવિલ સર્જન / મેડીકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે.

**(A) OA, OL, CP, LC, Dw, AAV (B) SLD (C) MD Involving (A) & (B)**

**OA=One Arm, OL=One Leg, CP=Cerebral Palsy, LC=Leprosy Cured, Dw=Dwarfism, AAV=Acid Attack Victims, SLD= Specific Learning Disability, MD=Multiple Disabilities**

ઉપર મુજબ દર્શાવેલ અશક્તતા ધરાવતાં ઉમેદવાર સ્ટાફનર્સની કામગીરી માટે S(Seating), ST(Standing), W(Walking), BN(Bending), MF(Manipulation With Fingers), RW(Reading & Writing), SE(Seeing), H(Hearing), C(Communication) કરવા સક્ષમ હોવા જોઇએ. (Mobility Should not be Restricted. Incumbent Should be Considered with Suitable aids & appliances

Support.) તેમ છતાં સદર વિકલાંગતાના અનુસંધાને જરૂરીયાત જણાયે મેડીકલ બોર્ડનો અભિપ્રાય લેવામાં આવશે.

(૭) આ સંવર્ગની ભરતી પ્રક્રિયામાં આખરી પસંદગી પામેલ ઉમેદવારની નિમણુંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધીન નિમણુંક મેળવવાને પાત્ર ઠરશે.

(૮) ઉમેદવાર પોતે આખરી પસંદગી યાદીમાં સમાવિષ્ટ થવા માત્રથી સંબંધિત જગ્યા ઉપર નિમણુંક કરવાનો દાવો કરવાને હક્કદાર થશે નહિ. નિમણુંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે જાહેર સેવા સારુ તે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો ૧૯૬૭ થી ઠરાવેલ નિયમોનુસાર અને આ જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર યોગ્ય જણાતો નથી. તો જે તે તબક્કે આવા ઉમેદવારને તેની નિમણુંક બાબતે નિમણુંક સત્તાધિકારીનો નિર્ણય આખરી ગણાશે.

(૯) આ ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે સંવર્ગના પ્રવર્તમાન ભરતી નિયમો તેમજ ભરતી પ્રક્રિયાના નિયમોને આધીન રહેશે.

(૧૦) આ જાહેરાત કોઇ પણ કારણોસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની કે જગ્યાઓની સંખ્યાઓમાં વધ ઘટ કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો ભરતી સમિતિને સંપૂર્ણ હક્ક/અધિકાર રહેશે.

(૧૧) આ અંગેનું ઓનલાઇન અરજી પત્રક વેબસાઇટ **http://ojas.gujarat.gov.in** ઉપર ઓનલાઇન ભરવાનું રહેશે. ઓનલાઇન અરજી ફોર્મ કોઇ પણ કોમ્પ્યુટર કે જેની સાથે ઇન્ટરનેટ સુવિધા ઉપલબ્ધ હોય તે ઉપર ભરી શકાશે. ઇ-ગ્રામ કેન્દ્રમાં પણ સુવિધા ઉપલબ્ધ હોય છે.

(૧૨) અરજી પત્રક ભરતા પહેલાં વેબસાઇટ પર મુકવામાં આવેલ ઉમેદવાર માટેની સુચનાઓ અને ઓનલાઇન અરજીપત્રક ભરવા બાબતની સુચનાઓ કાળજીપૂર્વક અભ્યાસ કરવા વિનંતી છે અને ત્યાર બાદ જ ઓનલાઇન અરજીપત્રક ભરવું.

(૧૩) ફકત ઓનલાઇન અરજીપત્રકો જ માન્ય ગણાશે, જો અન્ય કોઇ પણ પ્રકારે અરજી પત્રકો મોકલવામાં આવશે તો તે રદ બાતલ ગણાશે.

(૧૪) OMR શીટમાં ફક્ત માર્કીંગ જ કરવાનું હોઇ અરજદારને પરીક્ષા સમયે કોઇપણ સંજોગોમાં રાઇટર(Writer)ની સુવિધા મળવાપાત્ર નથી.

(૧૫) આ ભરતી નામદાર સુપ્રિમકોર્ટમાં દાખલ કરવામાં આવેલ એસ.એલ.પી.નં.૧૪૧૨૪-૧૪૧૨૫/૨૦૧૨ ના આખરી ચુકાદાને આધીન રહેશે.

**અરજી કરવાની રીતઃ-**

આ જાહેરાતના સંદર્ભમાં સમિતિ ધ્વારા http://ojas.gujarat.gov.in વેબસાઇટ મારફત કરેલ ઓનલાઇન અરજી જ સ્વીકારવામાં આવશે. ઉમેદવારે જાહેરાતમાં દર્શાવ્યા **તા.૦૫/૧૦/૨૦૨૪ (૧૪.૦૦ કલાક) થી તા.૦૩/૧૧/૨૦૨૪(સમય રાત્રીના ૨૩.૫૯ કલાક સુધી)** દરમ્યાન વેબસાઈટ http://ojas.gujarat.gov.in પર અરજી પત્રક ભરી શકશે. એક ઉમેદવારે ફક્ત એક જ અરજી કરવાની રહેશે. એક કરતાં વધુ અરજી કરનાર બિનઅનામત ઉમેદવારના કિસ્સામાં સૌથી છેલ્લી કન્ફર્મ થયેલ અને ફી ભર્યા સાથેની તેમજ અનામત ઉમેદવારના કિસ્સામાં સૌથી છેલ્લી કન્ફર્મ થયેલ અરજી માન્ય ગણીને તે સિવાયની બાકીની તમામ અરજીઓ **“રદ”** થશે.

**ઉમેદવારે અરજીપત્રક ભરવા માટે:-**

(૧) સૌ પ્રથમ "https://ojas.gujarat.gov.in" વેબસાઈટ પર જવું. અને ત્યાર બાદ

(૨) "On line Application" માં Apply પર Click કરવું અને સદર જાહેરાત સિલેકટ કરવી.

(3) ત્યાર બાદ સ્ક્રીન પર More Details અને Apply now ના ઓપ્શન ખુલશે. જેમાં More Details પર Click કરવાથી વિગતવાર જાહેરાતની વિગતો જોવા મળશે. જે ઉમેદવારોએ વાંચી લેવી.

(૪) જયારે "Apply now" પર Click કરવાથી નવી વિન્ડો ખુલશે. જેમાં "Skip" પર ક્લિક કરવાથી Application Format ખુલશે સૌ પ્રથમ "Personal Details" ઉમેદવારે ભરવી. (અહીં લાલ કુંદડી (*) નિશાની હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.)

(૫) Personal Details ભરાયા બાદ "Educational Details" ભરવાની રહેશે.

(૬) Educational Details ભરાયા બાદ "Assurance" (બાંહેધરી) માં દર્શાવેલ શરતો સ્વીકારવા માટે "Yes" Select કરવું. હવે અરજી પૂર્ણ રીતે ભરાઈ ગયેલ છે.

(૭) હવે "save" પર Click કરવાથી ઉમેદવારનો "Application Number" Generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે.

(૮) હવે Upload Photograph પર Click કરો અહીં તમારો Application Number Type કરો અને તમારી Birth date type કરો. ત્યારબાદ ok પર Click કરવું. અહીં photo અને signature upload કરવાના છે. (Photo નું માપ ૫ સે.મી. ઉંચાઈ અને ૩.૬ સે.મી. પહોળાઈ અને Signature નું માપ ૨.૫ સે.મી. ઉંચાઈ અને ૭.૫ સે.મી. પહોળાઈ રાખવી.) (photo અને Signature Upload કરવા સૌ પ્રથમ તમારો photo અને signature jpg format માં (15 kb) સાઈઝથી વધે નહિ તે રીતે સ્કેન કરી Computer માં સેવ કરેલા હોવા જોઈશે.) photo અને signature અપલોડ કરવા માટે "Browse" button પર Click કરો. હવે choose file ના સ્ક્રીનમાંથી જે ફાઈલમાં jpg format માં તમારો photo store થયેલ છે, તે ફાઈલને select કરો અને "open" button ને Click કરો. હવે "Browse" button ની બાજુમાં "upload" button પર Click કરો. હવે બાજુમાં તમારો photo દેખાશે. <u>હવે આજ રીતે signature પણ upload કરવાની રહેશે. જે photo અને signature અપલોડ કરવામાં આવ્યા હશે તે જ photo લેખિત પરીક્ષાના હાજરીપત્રકમાં ચોંટાડવાનો રહેશે તથા તેવી જ Signature કરવાની રહેશે તેમજ આ ભરતી પ્રક્રિયાના નિમણૂંક સુધીના દરેક તબક્કે સમિતિ/સંબંધિત ખાતાના વડા માંગે ત્યારે તેવો જ ફોટો રજૂ કરવાનો રહેશે. આથી ફોટોગ્રાફની ચારથી પાંચ કોપીઓ કઢાવી રાખવી. જુદા જુદા તબક્કે જુદા જુદા ફોટોગ્રાફ રજૂ થશે તો ફાળવણી / નિમણૂંકમાં બાધ આવી શકશે. જેની જવાબદારી ઉમેદવારની પોતાની રહેશે.</u>

(૯) હવે પેજના ઉપરના ભાગમાં Online Application ટેબમાં "Confirm Application" પર Click કરો અને "Application Number" તથા Birth Date type કર્યા બાદ Ok પર Click કરવાથી ઉમેદવારની Basic Details અને Confirm Application દેખાશે. ઉમેદવારને અરજીમાં સુધારો કરવાની જરૂર જણાય તો edit કરી લેવું. અરજી કન્ફર્મ કર્યા પહેલા કોઈપણ પ્રકારનો સુધારો થઈ શકશે. પરંતુ અરજી કન્ફર્મ થયા બાદ કોઈ પણ પ્રકારનો સુધારો શક્ય બનશે નહી. સંપૂર્ણ ચકાસણી બાદ જો અરજી સુધારવાની જરૂર ના જણાય તો જ Confirm Application પર Click કરવું. તેથી ઉમેદવારની અરજીનો Online સ્વીકાર થઈ જશે. એકવાર ઓનલાઇન અરજી કન્ફર્મ થયા બાદ, તેમાં કોઇપણ પ્રકારનો ફેરફાર થઇ શકશે નહીં. અરજીમાં દર્શાવેલી વિગતોને અનુરૂપ પ્રમાણપત્રો સમિતિ માંગે ત્યારે ઉમેદવારે રજૂ કરવાના રહેશે. આથી, ઉમેદવારે પ્રથમ તેમની પાસેના પ્રમાણપત્રોને આધારે પોતાનું નામ, પતિ / પિતાનું

નામ, અટક, જન્મતારીખ, શૈક્ષણિક લાયકાત, જાતિ (કેટેગરી), જેન્ડર (મેલ/ફીમેલ), માજી સૈનિક, સ્પોર્ટસ, શા.ખો.ખાં., વિધવા વગેરે બાબતોની બારીક ચકાસણી કરી લઇને તેને અનુરૂપ વિગતો ઓનલાઇન અરજીમાં દર્શાવવાની રહેશે. સમિતિ દ્વારા ચકાસણી સારુ પ્રમાણપત્રો માંગવામાં આવે ત્યારે ઓનલાઇન અરજીપત્રકમાં દર્શાવેલ વિગતો અને ઉમેદવાર દ્વારા સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવતાં પ્રમાણપત્રોમાં કોઇપણ જાતની વિસંગતતા માલૂમ પડશે તો, તેવી ક્ષતિયુક્ત અરજીઓ સમિતિ દ્વારા જે તે તબક્કેથી 'રદ' કરવામાં આવશે. ખોટી કે અધૂરી વિગતોને કારણે ક્ષતિયુક્ત અરજી રદ કરવામાં આવે તો, તેમાં સમિતિની કોઇ જવાબદારી રહેશે નહીં. આથી, ઉમેદવારોને તેમની પાસેના પ્રમાણપત્રોને આધારે અને તેને અનુરૂપ વિગતો ઓનલાઇન અરજી કરતી વખતે દર્શાવવાની ખાસ કાળજી રાખવા જણાવવામાં આવે છે. Confirm Application પર click કરતાં અહીં "Confirmation Number" Generate થશે. જે હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઈ ઉમેદવારે સાચવવાનો રહેશે.

(૧૦) હવે Print Application પર Click કરવું. અહીં Select Job માંથી જાહેરાત ક્રમાંક સિલેકટ કરીને તમારી Confirmation Number ટાઈપ કરવો અને જન્મતારીખ ટાઈપ કરવાથી તમારી અરજી ઓપન થશે. જેની પ્રિન્ટની નકલ કાઢી સાચવી રાખવી. નોંધાયેલ ઉમેદવાર અરજી કરવાની અંતિમ તારીખ સુધી Online Application Form ડાઉનલોડ કરીને સમગ્ર ભરતી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી સાચવી રાખે તે ઉમેદવારના હિતમાં છે. અરજી કરવાની અંતિમ તારીખ બાદ ઉમેદવાર Application Form ડાઉનલોડ કરી શકશે નહીં.

(૧૧) સદર જાહેરાત માટે ઉમેદવારે એક જ અરજી કરવી. આમ છતાં, સંજોગોવશાત જો કોઇ ઉમેદવાર એકથી વધુ અરજી કરેલ હશે તો એક કરતાં વધુ અરજી કરનાર બિનઅનામત ઉમેદવારના કિસ્સામાં સૌથી છેલ્લી કન્ફર્મ થયેલ અને ફી ભર્યા સાથેની તેમજ અનામત ઉમેદવારના કિસ્સામાં સૌથી છેલ્લી કન્ફર્મ થયેલ અરજી માન્ય ગણીને તે સિવાયની બાકીની તમામ અરજીઓ “રદ” થશે. જો ઉમેદવારે એકથી વધુ અરજી સાથે ફી ભરેલ હશે, તો તે રીફંડ કરવામાં આવશે નહીં.

(૧૨) ઓનલાઇન મારફતે અરજી Confirm થયા બાદ Fees Payment ના ટેબમાં જઇ જરૂરી વિગતો ભરી જનરલ કેટેગરીના ઉમેદવારોએ ઓનલાઇન/પોસ્ટ ઓફિસ મારફતે ફરજીયાતપણે ફી ભરવાની રહેશે. ફી ભર્યા વિનાની Confirm થયેલ અરજીઓ રદબાતલ ગણવામાં આવશે.

(૧૩) સમિતિ જે કોઈ ઉમેદવારને (૧) તેને ઉમેદવારી માટે કોઈપણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલે કે, સમિતિના અધ્યક્ષ, સભ્ય અથવા કોઈ અધિકારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે (૨) બીજાનું નામ ધારણ કરવા માટે (૩) બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે (૪) બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે (૫) યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે (૬) પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઈ અનિયમિત અથવા અયોગ્ય સાધનોનો આશ્રય લેવા માટે (૭) પરીક્ષા દરમ્યાન ગેરવ્યાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારની ઉત્તરવહીમાંથી નકલ કરવા, પુસ્તક, ગાઈડ, કાપલી કે તેવા કોઈપણ છાપેલા કે હસ્તલેખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત ધ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઈપણ ગેરરીતિ આચરવા માટે (૮) લખાણોમાં

અશ્લિલ ભાષા અથવા બિભત્સ બાબત સહિતની અપ્રસ્તુત બાબત લખવા માટે (૯) પરીક્ષાખંડમાં અન્ય કોઈ રીતે ગેરવર્તણુંક કરવા માટે (૧૦) પરીક્ષાના સંચાલન કરવા માટે સમિતિ દ્વારા રાખવામાં આવેલ સ્ટાફની સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારીરિક રીતે ઈજા કરવા માટે (૧૧) પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલ તમામ અથવા કોઈપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા યથા પ્રસંગ મદદગીરી કરવા માટે અથવા (૧૨) પરીક્ષા આપવા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલી કોઈપણ સુચનાનો ભંગ કરવા માટે દોષિત કર્યા હોય તો અથવા દોષિત હોવાનું જાહેર કર્યુ હોય તો તે ફોજદારી કાર્યવાહીને પાત્ર થવા ઉપરાંત - (ક) સમિતિ ઉમેદવારને પરીક્ષામાંથી ગેરલાયક કરાવી શકશે, અથવા (ખ) (૧) સમિતિ, સીધી પસંદગી માટે લેવાતી કોઈપણ પરીક્ષામાં બેસવામાંથી અથવા (૨) રાજય સરકાર પોતાના હેઠળની કોઈપણ નોકરીમાંથી કાયમી રીતે અથવા નિર્દિષ્ટ મુદત માટે બાકાત કરી શકશે. (૧૩) ગુજરાત જાહેર સેવા આયોગ, અન્ય ભરતી બોર્ડ, અન્ય સરકારી / અર્ધ સરકારી / સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર કયારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય અને ગેરલાયક ઠરાવ્યાનો સમય ચાલુ હશે તો તેવા ઉમેદવારોની અરજી આપો આપ "રદ" થવાને પાત્ર બનશે.

ઉપર જાહેરાતમાં દર્શાવેલ સંવર્ગની જગ્યાના ભરતી નિયમો અન્વયે શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા, વયમર્યાદામાં છુટછાટ, અરજી ફી અને પસંદગીની પદ્ધતિની વિગતો અને જાહેરાતની અન્ય તમામ વિગતો NICની વેબસાઈટ http://ojas.gujarat.gov.in ઉપર દર્શાવેલ છે. ઉમેદવારે ઓનલાઈન અરજી પત્રકમાં બતાવેલી કોઈ પણ વિગત અને ઉમેદવારે નિમણુંક સત્તાધિકારી સમક્ષ રજુ કરેલ જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અન્ય લાયકાતોને લગતા પ્રમાણપત્રો ભવિષ્યમાં જે તે તબક્કે નિમણુંક અધિકારી દ્વારા ચકાસણી દરમ્યાન ખોટા માલુમ પડશે તો તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારોની ઉમેદવારી રદ કરવામાં આવશે. તેમજ ઉમેદવારને ગેરલાયક ઠરાવવામાં આવશે તેમજ આવા ઉમેદવારની જો પસંદગી / નિમણુંક થયેલ હશે તો કોઈ પણ તબક્કે રદ કરવામાં આવશે.

આ સંવર્ગની સીધી ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો ૧૯૬૭ વખતો વખત સુધાર્યા મુજબ અને તે અન્વયે આ સંવર્ગના ઘડવામાં આવેલ ભરતી નિયમોને આધીન રહેશે. આ જગ્યાની ભરતી પ્રક્રિયાના અનુસંધાને આ જાહેરાતમાં કોઈ પણ કાયદેસર ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો સંપૂર્ણ હક્ક/અધિકાર ભરતી સમિતિનો રહેશે.

-Sd-

અધ્યક્ષ

સ્ટાફનર્સ સ્પર્ધાત્મક પરિક્ષા સમિતિ

હોદાની રુએ કમિશનર

આરોગ્ય,તબીબી સેવાઓ અને

તબીબી શિક્ષણ (ત.સે.) ગાંધીનગર